જા.ક્ર.RMSA/વોકેશનલ/૨૦૨૬/ 4820-21

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૯/૦૬/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના NEP-2020 અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૭-૨૮ થી ક્રમશઃ ધોરણ-૯ અને ૧૦ના વિષય માળખામાંથી કેટલાક વિષયો રદ કરવા બાબતના તા.૨૦/૦૬/૨૦૨૬ પત્રાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૨૫૭-૨૨૯૨ના પત્રની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૨૫૭ - ૨૨૯૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૦/૦૬/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- NEP-2020 અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૭-૨૮ થી ક્રમશઃ ધોરણ-૯ અને ૧૦ના વિષય માળખામાંથી કેટલાક વિષયો રદ્દ કરવા બાબત.

સંદર્ભ:- (૧) બોર્ડની તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૦૬/૨૦૨૬
(૨) બોર્ડની તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૦૭/૨૦૨૬
(૩) બોર્ડની તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૦૮/૨૦૨૬
(૪) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૧૭૬૩-૬૪, તા.૨૬/૦૫/૨૦૨૬
(૫) શિક્ષણ વિભાગનો તા.૨૦/૦૬/૨૦૨૬ નો પત્રક્રમાંક:ED/MIR/e-file/3/2026/3144/CHH

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે NEP-2020 અને NCF-SE અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ થી ક્રમશઃ ધોરણ-૯ અને ૧૦ના નવા વિષય માળખાનો અમલ કરવા માટે નીચે દર્શાવેલ વિષયો રદ કરવા અંગે સંદર્ભ-(૧), (૨) અને (૩) થી શૈક્ષણિક સમિતિમાં નિર્ણય કરવામાં આવેલ હતો. જે અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૪) દર્શિત પત્રથી સદર બાબતે સરકારશ્રીની મંજૂરી મેળવવા માટે શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે સંદર્ભ-(૫) દર્શિત શિક્ષણ વિભાગના પત્રથી સરકારશ્રી દ્વારા આ અંગે મંજૂરી આપવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

૧. શૈક્ષણિક વર્ષ-૨૦૨૭-૨૮ થી ધોરણ-૯ અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૮-૨૯ થી ધોરણ-૧૦ના વિષય માળખામાંથી વાણિજ્ય જૂથના નામાનાં મૂળતત્વો(૨૯), વાણિજ્ય પત્રવ્યવહાર અને સેક્રેટરીયલ પ્રેક્ટીસ(૩૦), અને વાણિજ્ય પરિચય(૨૭) વિષયો રદ કરવામાં આવશે.
૨. શૈક્ષણિક વર્ષ-૨૦૨૭-૨૮ થી ધોરણ-૯ અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૮-૨૯ થી ધોરણ-૧૦ના વિષય માળખામાંથી ટેકનિકલ જૂથના એલિમેન્ટ્સ ઓફ એન્જિનિયરીંગ(૨૮), કમ્પ્યુટર એડેડ એન્જી. ડ્રોઈંગ(૩૧), બેઝીક્સ ઓફ એન્જીનિયરીંગ પ્રોસેસ મેન્ટેનન્સ એન્ડ સેફટી(૩૨) વિષયો રદ કરવામાં આવશે.
૩. NEP-2020 અને NCF-SE અન્વયે અમલમાં આવનાર ધોરણ-૯ અને ૧૦ના નવા વિષય માળખામાં સામાન્ય શાળાઓ માટેના વિષય માળખામાંથી ગૃહ વિજ્ઞાન(૨૫) તથા ડેરી વિજ્ઞાન અને પશુપાલન(૨૬) વિષયોને શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ થી ધોરણ-૯માં અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૮-૨૯ થી ધોરણ-૧૦માં રદ કરવામાં આવશે તેમજ આ વિષયો માત્ર ઉત્તર બુનિયાદી શાળાઓમાં ચાલુ રાખવામાં આવશે. આ ઉપરાંત, સીવણ અને ભરત (૩૯) વિષય શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ થી ધોરણ-૯માં અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૮-૨૯ થી ધોરણ ૧૦માં તમામ શાળાઓમાંથી રદ કરવામાં આવશે.

ઉક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના:-
- નાયબ નિયામકશ્રી પરીક્ષા (SSC), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

C:\Users\admin\Desktop\Darkhast\પત્ર All DEO\પ. પત્ર દરખાસ્ત મૂદ્દા નં. ૬-૮.docx